અંબાજી નજીક આવેલાં કુંભારીયા માં સરકારી જમીનો વેંચી મારવાનાં કોભાંડ નો પ્રદાફાશ થયા બાદ વહીવટીતંત્ર સતત હરકત માં આવ્યુ છે. ને સરકારી જમીનો ખુલ્લી કરાવવાં નોટીસો અપાયાં બાદ આજે પ્રાંત અધીકારી સહીત પોલીસ નો મોટો ખડકલો કુંભારીયા નાં જોડ વિસ્તાર માં પહોંચ્યુ હતુ. ને સાથે બે જે.સી.બી, ફાયરફાઈટર ને એમ્બ્યુલંસ ને પણ ખડકી દેવામાં આવી હતી. પણ જે.સી.બી પાકા મકાનો ઉપર પ્રહાર કરે તે પહેલાં જ લોકો માં ભારે આક્રોષ ભભુકી ઉઠતાં દબાણ દુર કરવાં આવેલાં અધીકારીઓ નો વિરોધ કર્યો હતો. ને પ્રાંત અધીકારી ની ગાડી ઘેરી ભારે રોષ ઠાલવ્યો હતો. ને જે.સી.બી ઉપર પણ ચઢી ગયા હતા. ને પરીસ્થીતી વધુ વણશે તે પહેલાં જે.સી.બી ઘટના સ્થળ થી રવાના થઇ ગયા હતા. જ્યારે મામલતદાર અને પ્રાંત અધીકારીઓ વાહનો સાથે પાછી પાની કરી પરત ફર્યા હતા. જોકે આ ઘટના સ્થળે દાંતા વિસ્તાર નાં કોંગ્રેસ નાં ધારાસભ્ય કાંતી ખરાડી પણ પહોચ્યાં હતા ને અધીકારોઓ નો વિરોધ કર્યો હતો. જોકે હાલ માં આ વિસ્તાર નાં ૬૦૦ જેટલાં દબાણો હોવા છતાં માત્ર ૧૩ વ્યક્તીઓ ને જ નોટીસ અપાયા હોવાનું આક્ષેપ કરાયો હતો. એટલુંજ નહીં આ સમગ્ર મામલો નામદાર કોર્ટ માં ચાલતો હોવાથી અધીકારીઓએ કોર્ટ નાં ચુકાદા ની રાહ જોવી જોઇએ તેમ જણાવ્યુ હતુ. ને સાથે ગામમાં ગામ તળ ની જમીન ફાળવવાં પણ માંગ કરાઇ હતી. ને આ પ્રક્રીયા ને આખરે મોડી સાંજે પૂર્ણ કરવામાં આવી છે સવાર થી જ દબાણ દૂર કરવાની પ્રક્રિયા એકવાર લોકો ના આક્રોશ ને લઈ રોકવી પડી હતી પણ ફરી એકવાર બપોરે પોલિસ ના મોટા કાફલા સાથે જેમાં બ્લેંકેટ કમાન્ડો વજ્ર વાહન તથા એલ.સી.બી., એસ.ઓ.જી. તથા ક્યુ આર ટી સહીત ના મોટો કાફલો જોડ વિસ્તાર માં પોહ્ચ્યો હતો જ્યાં ફરી એકવાર લોકોએ વિરોધ કરતા પોલીસે સરકારી કામ માં રોકાવટ કરતા દસ ઉપરાંત ઈસમો ની અટકાયત કરાઈ હતી પણ સંજોગો વસાત દબાણો વાળા મકાનો તોડવા જી સી બી ન આવતા સાંજે ૬.૩૦ વાગ્યા સુધી દબાણ દૂર કરવાની કોઈજ પ્રક્રિયા થઈ સકી ન હતી અને ત્યાર બાદ એક જી સી બી એ ઘટના સ્થળે પહોચ્યુ હતું ને દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી પણ સાંજ પડી જતા ને દબાણ દારોએ સ્વૈચ્છિક દબાણ દૂર કરવાની ખાતરી આપતા આજે બાર જેટલા દબાણ દૂર કરવાની કામગીરી પૂર્ણ કરાઈ હતી છે તેમ દાંતા પ્રાંતના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ બી.ડી વાઘેલા જણાવ્યુ હતુ જ્યારે આ કામગીરી માટે ૧૫૦ જેટલા પોલીસ કર્મીઓ સહીત અધીકારીઓ જોડાયા હોવાનુ વિભાગીય પોલીસ વડા એ આર જન્કાત એ જણાવ્યુ હતુ.

ધાનેરાના નાઈવાસમાં બંધ મકાનના તાળા તૂટ્યા : ૧૨ લાખની ચોરી

થરાદ બાદ હવે તસ્કરોએ ધાનેરાને નિશાન બનાવ્યું છે અને ધાનેરામાં એક બાદ એક ચોરી

કરી લોકો સહિત પોલીસની પણ ઊંઘ હરામ કરી દીધી છે ત્યારે આજે નાઈવાસના એક બંધ મકાનમાં તસ્કરોએ તાળું તોડી ૧૨ લાખ કરતા વધુ ની ચોરી કરી ફરાર થઈ જતા ધાનેરા પોલીસ અને થરાદ ડીવાયએસપી ની ટિમ તાત્કાલિક ધાનેરા આવી પહોંચી હતી અને ગુનો નોંધી આરોપીઓને પકડવાના ચક્રોગતિમાન કર્યા છે.

ધાનેરા નાઈવાસમાં આવેલા મોરખીયા નિવાસ બંગલામાં ગતરાત્રે કોઈ અજાણ્યા ઈસમોએ બંધ મકાનનું તાળું તોડી તેમાં પ્રવેશ્યા હતા અને તેમાં પડેલ પાંચ તિજોરીના તાળા તેમજ તિજોરી તોડી તેમાંથી સોના ચાંદીનાના દાગીના સહીત ૧૨ લાખ મટતા ચોરી ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે મકાન મલિક બહાર ગયેલા હોઈ આ તસ્કરોએ મકાનને નિશાન બનાવ્યું

હતું અને લોકો ધ્વરા મકાન મલિકને જાણ કરતા મકાન મલિકના સગાઓએ આવી જોયું તો મકાન બધુ જ વેર વિખેર હાલતમાં જોવા મળતા લોકો ચોકી ઉઠ્યા હતા અને મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મારા મકાનમાંથી ૧૫ લાખની મતા ચોરાઈ છે.

સમગ્ર ઘટનાની મકાન માલિક ધ્વરા ધાનેરા પોલીસને જાણ કરતા ધાનેરા પોલીસે સહીત થરાદ ડીવાયએસપીની ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી સમગ્ર ઘટનાનું નિરીક્ષણ કરી ધાનેરા પોલીસ મથકમાં ચોરીનો ગુનો નોંધી આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કાર્ય છે. તસ્કરો ધાનેરા અને થરાદમાં એક બાદ એક ચોરી કરી પોલીસ અને લોકોની ઊંઘ હરામ કરી રહ્યા છે ત્યારે હજુ સુધી પોલીસ આરોપીઓ સુધી પહોંચી નથી ત્યારે હવે જોવાનું એ રહે છે કે પોલીસ ક્યારે આરોપીઓને ઝડપી પાડે છે.

આજે ૭૪ પાલિકા માટે મતદાન

૧૯ લાખથી વધારે મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે : રાજયના ૨૫૭૮થી વધુ મતદાનમથકો પર મતદાન થશે

અમદાવાદ,તા. ૧૬

આવતીકાલે ભારે ઉત્સાહ અને ઉત્તેજનાભર્યા વાતાવરણમાં રાજયની ૭૫ નગરપાલિકાઓની ચૂંટણી યોજાનાર છે, ત્યારે રાજય ચૂંટણી પંચ અને વહીવટી તંત્ર દ્વારા આ ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે સુરક્ષા, સલામતીથી લઈ મતદાન મથકો પર મુકત વાતાવરણ સહિતની તમામ વ્યવસ્થા સજ્જ કરવામાં આવી હતી. આવતીકાલે સવારે આઠ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન ચાલશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી બાદ ફરી એકવાર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સત્તાની હોડ જામશે. ૭૫ નગરપાલિકાઓ પૈકી અમરેલીની જાફરાબાદ નગરપાલિકા બિનહરીફ જાહેર થતાં તે ભાજપે કબ્જે કરી છે. આ સાથે જ કુલ ૫૨ બેઠકો બિનહરીફ જાહેર થઈ હોવાથી હવે ૭૪ નગરપાલિકાઓની ૨૦૬૪ બેઠકો માટે ચૂંટણી યોજાશે. જે માટે કુલ ૬૦૩૩ ઉમેદવારો ચૂંટણી જંગના મેદાનમાં છે. આ અંગે રાજય ચૂંટણી આયોગના સંયુકત કમિશનર એ.એ.રામાનુજ, મુખ્ય ચૂંટણી સચિવ મહેશભાઈ જોષી અને મદદનીશ ચૂંટણી અધિકારી વી.એમ.પટેલે જણાવ્યું હતું કે, રાજયની ૭૪ નગરપાલિકાઓની ચૂંટણીમાં અમદાવાદ જિલ્લાની ધંધુકા, બાવળા, સાણંદ નગરપાલિકાઓનો પણ સમાવેશ થાય છે. નગરપાલિકાઓની ચૂંટણીનું પરિણામ તા.૧૯મી ફેબ્રુઆરીએ જાહેર કરાશે. રાજયની ૭૪ નગરપાલિકાઓ સાથે પ્રસંગોપાત ખાલી પડેલી જે તે બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાશે. જેમાં છ નગરપાલિકાઓની પેટા ચૂંટણી અને રાજકોટ મહાનગરપાલિકાના એક વોર્ડની પેટાચૂંટણીનો સમાવેશ થાય છે. વિધાનસભાની ચૂંટણી બાદ ફરી એકવાર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે રસાકસીભર્યો ચૂંટણી જંગ જામશે. તો નગરપાલિકાઓની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોએ મોટી સંખ્યામાં ઝંપાલવ્યું છે. રાજયની ૭૪ નગરપાલિકાઓ ૫૨૯ વોર્ડની ૨૦૬૪ બેઠકો માટે યોજાનારી ચૂંટણી માટે હવે કુલ ૬૦૩૩ ઉમેદવારો મેદાનમાં છે, જેમાં ભાજપના સમર્થિત ૧૯૩૪, કોંગ્રેસ સમર્થિત ૧૭૮૩, અપક્ષ ૧૭૯૩ અને અન્ય ૫૨૩ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

આજે પ્રાંતિજ નગરપાલિકા માટે મતદાન

૭૧ ઉમેદવારોના ભાવી સાંજ સુધીમાં ઇવીએમ મશીનમાં સીલ થશે : ૧૯૩૫૬ સ્ત્રી- પુરુષ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે : ભાજપ-કોંગ્રેસ સહિત અપક્ષોનો દબદબો

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાતમાં ૭૫ જેટલી જગ્યાઓ ઉપર નગરપાલિકાની ચૂંટણી આજરોજ યોજાનાર છે. ત્યારે પ્રાંતિજ ખાતે પણ નગરપાલિકાની ચૂંટણીને લઈને ૧૯૩૫૬ જેટલાં મતદારો પોતાનું મતદાન કરશે.

પ્રાંતિજ ખાતે આજે નગરપાલિકાની છ વોર્ડ માટેની ચૂંટણી યોજાઈ રહી છે. જેમાં આ વખતે ભાજપ- કોંગ્રેસ અપક્ષો સહિત ૭૧ ઉમેદવારો છે તો આ વખતે ભાજપ-કોંગ્રેસ સહિત અપક્ષોનો પણ દબદબો જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા ૨૬ બુથો ઉભા કરવામાં આવ્યાં છે અને ૨૬ ઈવીએમ મશીન ગોઠવવામાં આવશે. ૯૮૨૪ જેટલાં પુરૂષો તથા ૯૫૩૨ સ્ત્રી મતદારો મળી ૧૯૩૫૬ જેટલાં મતદારો આજે પોતાનો મત આપી મતા અધિકારનો ઉપયોગ કરી મતદારો ઉમેદવારોનું ભાવી ઈવીએમ મશીનમાં સીઝ કરશે. આ વખતે વોર્ડ-૭ના ઘટીને વોર્ડ-૬ થતાં એક વોર્ડ કપાતાં નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ગ્રીનપાર્ક સોસાયટી સહિતની સોસાયટીના રહીશોને બે થી અઢી કિલોમીટર નવાપુરા ખાતે મતદાન કરવાનું આવતાં સોસાયટીના રહીશો મતદાન મથક દુર આવતાં રહીશોમાં રોષ જોવા મલ્યો હતો. તો આ વખતે મતદારો પક્ષ કરતાં વ્યક્તિ ઉમેદવારને જોઈને મતદાન કરશે તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. મોડી રાત્રી સુધી લોભમણી ચીજો સાથે ઉમેદવારો ટેકેદારો મતદારોને રીઝવતા જોવા મલ્યા હતા. ચૂંટણી અધિકારી અને પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરી દ્વારા ચુસ્ત પોલિસ બંદોબસ્ત વચ્ચે ચૂંટણી યોજવામાં આવશે. ૧૯ મીએ સવારથી જ તાલુકા સેવા સદન ખાતે મતગણતરી હાથ ધરવામા આવશે.

પાટણવાડા ગુરૂ બ્રાહ્મણ સમાજ આયોજિત ૧૫મો સમૂહલગ્નોત્સવ

પાટણવાડા, તા. ૧૬

પાટણવાડા ગુરૂ બ્રાહ્મણ સમાજ આયોજિત ૧૫મો સમૂહલગ્નોત્સવ મહોત્સવ મહેસાણા સોમનાથ મહાદેવ તળેટીમાં યોજવામાં આવ્યો હતો.

૧૬ જેટલાં નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના ચેરમેન ગૌતમભાઈ ગેડિયાએ પાટણવાડા ગુરૂ બ્રાહ્મણ સમાજ આયોજનને બિરદાવી નવદંપતિઓ માટે ચાવીરૂપ પ્રવચન આપ્યુ હતું. આ પ્રસંગે ભોજનના દાતા અનિલભાઈ સોલંકી, હરગોવનભાઈ દેસાઈ, પાનેતરદાતા શ્રીમતિ શારદાબેન પરમાર સહિત તમામ દાતાઓનું સન્માન કરાયું હતું.

સમાજકલ્યાણ વિભાગના નાયબ નિયાકમ શ્રીમતિ નયનાબેન શ્રીમાળીએ રાજ્ય સરકાર તરફથી સમૂહલગ્ન માટે મળતી સહાય પાટણ શહેર સાથે જોડાયેલી અસ્મિતાને ઉજાગર કરીને આયોજકોને ધન્યવાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે હરેશકુમાર અમીન, લાલજીભાઈ મકવાણા, અરવિંદ ચોરસીયા - પાલનપુર, અનિલ શ્રીમાળી - પાટણ, મહેન્દ્ર શ્રીમાળી- ગાંધીનગર, સમાજ કલ્યાણ અધિકારી ચંદ્રવદન મિશ્રા, યોગેશભાઈ શ્રીમાળી, કે.પી. ત્રિવેદી, પી.કે. શ્રીમાળી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રમુખ સુરેશભાઈ ગાંધીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. સલાહકાર ખેમચંદભાઈ શ્રીમાળીએ આભારદર્શન કર્યુ હતુ. આ પ્રસંગે સોમનાથ જોષી, દિનેશભાઈ શ્રીમાળી ભાનુ, બાલચંદભાઈ શ્રીમાળી સહિતના આયોજક કમીટીના સભ્યોએ ભારે મહેનત ઉઠાવી હતી. વખતદાસ બાપુએ આશીર્વચન આપ્યા. લગ્નવિધિના આચાર્ય રમેશકુમાર વ્યાસ રહ્યા હતા.

તત્ત્વ ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓએ કંડલા પોર્ટ અને ભૂજ એરપોર્ટની મુલાકાત લીધી

તત્ત્વ ઈન્સ્ટીટ્યુટના સિવીલ ઈજનેરી શાખામાં અભ્યાસ કરતા એમ.ઈ. તથા બી.ઈ.ના ફાઈનલ યરના વિદ્યાર્થીઓને વિષયનું જ્ઞાન વધે તે માટે કંડલા પોર્ટ અને ભૂજ એરપોર્ટની મુલાકાત લીધી હતી. આ વિઝીટનું સફળતાપૂર્વક આયોજન સિવીલ ઈજનેરી શાખાના હેડ પ્રો. યુનુમ ઝાઝ, વિઝીટ ઈન્ચાર્જ પ્રો. કલ્પેશસિંહ સોલંકી તથા પ્રો. જયદીપ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતુ. તે બદલ સંસ્થાના ડાયરેક્ટર જયદત્તસિંહ પુવાર, પ્રિ. ડૉ. એચ.આર. વરીઆ તથા ટ્રસ્ટીગણ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લાના તમામ ૬ તાલુકાઓના ગામોમાં પણ તબક્કાવાર શિક્ષણ તાલીમ વર્ગો યોજાશે

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે જિલ્લાના તમામ ૬ તાલુકાઓના ગામોમાં પણ તબક્કાવાર શિક્ષણ તાલીમ વર્ગો યોજાશે તેમ જીતપુર ગામે બે દિવસીય મંડળી પદાધિકારીઓના તાલીમ વર્ગના પ્રારંભે અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલે જણાવ્યું હતું.

અધ્યક્ષે મોડાસાના જીતપુર (મહાદેવગ્રામ) ગામે દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને સેવા સહકારી મંડળી એમ બન્ને સહકારી સંસ્થાઓના વ્યકિત કમિટી સભ્યોનો બે દિવસીય તાલીમ વર્ગનો અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલે દીપ પ્રગટાવી પ્રારંભ કરાવ્યો હતો. આજે તેનું સાંજના સમાપન થયું હતું. પ્રારંભે એક્ઝિક્યુટિવ ઓફિસર હરિ પ્રસાદ જોશીએ તાલીમ વર્ગોનો ઉદ્દેશ સમજાવી સહકારી સંઘની વિવિધ સેવા પ્રવૃતિઓનો ખ્યાલ આપ્યો હતો.

આ તાલીમ વર્ગમાં કાયદાના અનુભવી નિવૃત્ત સિનિયર ઓડિટર જે.કે. દરજીએ સહકારી કાયદાને લગતી સહકારી મંડળીઓને લગતી ખૂબ જ ઉપયોગી કાયદાકીય વિગતો, મંડળીના વ્યક્તિ કમિટી સભ્યોને ધ્યાનમાં રાખવા જેવી વહીવટી બાબતોમાં ખૂબ ઉંડી સમજ આપીને શિક્ષણ તાલીમવર્ગ સતત બે દિવસ એક જ ગામમાં યોજીને પદાધિકારીઓને જાણકારી આપી હતી.

અગાઉ મંત્રી-મેનેજર તાલીમ વર્ગ પણ યોજાતા તેમાંય ખૂબ સારી સંખ્યામાં તાલીમાંર્થીઓએ ભાગ લીધો હતો. આવા તાલીમ વર્ગો હજુ પણ જુદા જુદા તાલુકા-ગામોમાં, તાલુકા મથકોએ પણ થતા જ રહેશે.

મોડાસા આર્ટસ કોલેજની વાર્ષિક શિબિર પાલનપુર મુકામે યોજાઈ

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવળી મંડળ સંચાલિત શ્રી એસ.કે. શાહ આર્ટસ કોલેજ, મોડાસાની એન.એસ.એસ.ની સપ્તદીય વાર્ષિક સ્વચ્છતા અભિયાન તથા માહિતી પ્રચાર શિબિર પાલનપુર તા. મોડાસા ખાતે યોજાઈ ગઈ. જેમાં ઉદ્ઘાટન સમારંભના અધ્યક્ષ, કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી, અતિથી વિશેષ આચાર્ય, ડૉ. સુધિરભાઈ જોષી, કોમર્સ કોલેજ, મહેન્દ્રભાઈ ભરવાડ, નરેશભાઈ ભરવાડ, ભલાભાઈ, બબાભાઈ, શ્રીમતી દક્ષાબેન કે. પટેલ, સરપંચશ્રી, સબલપુર ગ્રામપંચાયત તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સમાપન સમારોહમાં મહેન્દ્રભાઈ વી. શાહ ઉપપ્રમુખ આર્ટસ કોલેજ, સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. કે.પી. પટેવલ, પ્રા. આર.આર. રોહિત, કાંતિભાઈ ભરવાડ, ભગાભાઈ, વિજયભાઈ શાહ પ્રકૃતિ મિનરલ વોટર, સામાજિક કાર્યકર નિલેશભાઈ જોષી, જિજ્ઞેશભાઈ પ્રજાપતિ આચાર્ય પ્રાથમિક શાળા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં ખાસ કરીને સ્વચ્છતા અભિયાન પર ભાર મુકવામાં આવ્યો હતો.

નદી પર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારનુ છે. અત્રે નોંધનીય છે કે કર્ણાટક અને તમિળનાડુ વચ્ચે તંગદીલીને ધ્યાનમાં લઈને સુરક્ષા વ્યવસ્થા મજબુત કરાઈ છે. કાવેરી નદીના પાણીને લઈને તમિળનાડુ અને કર્ણાટક વચ્ચે મુખ્ય લડાઈ રહી છે. કાવેરી નદી કર્ણાટકના કોડાગુ જિલ્લાથી નિકળે છે. સાથે સાથે તમિળનાડુના પુમપુહારમાં બંગાળના અખાતમાં જઈને પડે છે. ગયા વર્ષે ૨૦મી સપ્ટેમ્બરના દિવસે સીજેઆઈ દીપક મિશ્રા, જસ્ટીસ અમિતાભ રોય અને જસ્ટિસ એએ ખાનવિલકરની ત્રણ જજની બનેલી બેંચે આ મામલામાં પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. બેંચના સર્વસંમત ચુકાદાને સીજેઆઈ દ્વારા લખવામાં આવ્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. તમામ લોકો જાણે છે કે પાણીની વહેંચણીને લઈને વર્ષ ૨૦૦૭ના કાવેરી જળ વિવાદ ટ્રિબ્યુનલના ચુકાદાની સામે કર્ણાટક, તમિળનાડુ અને કેરળ તરફથી પોત પોતાની રીતે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. જાણકાર નિષ્ણાંતો કહે છે કે કાવેરી નદીના બેસિનમાં કર્ણાટકના ૩૨ હજાર વર્ગ કિલોમીટર અને તમિળનાડુના ૪૪ હડાર વર્ગ કિલોમીટર વિસ્તાર આવે છે.

પાસપોર્ટ સસ્પેન્ડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સામે કેસ દાખલ કરવામાં આવ્યા બાદ સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવી હતી. પીએનબને આવરી લેતા બેકિંગ જગતના સૌથી મોટા કોંભાડમાં ગીતાંજલિ જેમ્સના મેનેજિંગ ડિરેક્ટર ચૌકસી અને હિરા કારોબારી નીરવ મોદી મુખ્ય આરોપી તરીકે દર્શાવવામાં આવી રહ્યા છે. પંજાબ નેશનલ બેંકમાં થયેલા મહાકોંભાડના આરોપીઓ પર સકંજો મજબુત કરવાની કવાયત તરત જ શરૂ કરવામાં આવી ચુકી છે. આશરે ૧૧૩૦૦ કરોડ રૂપિયાના આ કોંભાડના આરોપી નીરવ મોદી, તેમના પત્નિ અમી મોદી, બાઈ નિશાલ મોદી અને ગીતાંજલિના પ્રમોટર મેહુલ ચૌકસીને પકડી લેવા માટે ઈન્ટરપોલને અલર્ટ કરવામાં આવ્યા બાદ તેમની ધરપકડ થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

કંપની સામે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આરોપી નીરવ મોદીની સામે આખરે કાર્યવાહી શરૂ કરવામાં આવી ચુકી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ગુરૂવારના દિવસે જ હિરાકારોબારી નિરવ મોદી અને તેમના સગાસંબંધીઓ તથા અન્યો સામે મની લોન્ડરિંગ કેસ દાખલ કરી દેશભરમાં નિરવ મોદીના આવાસ અને અન્ય પ્રોપર્ટી ઉપર વ્યાપક દરોડા પાડ્યા હતા.૧૧૩૦૦ કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંક ફ્રોડ કેસના સંબંધમાં દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મોદીના મુંબઈમાં આવેલા કુર્લા ખાતેના આવાસ, કાલાઘોડા વિસ્તારમાં તેમના જ્વેલરી શો રુમ, બાંદરા અને લોઅર પારેલમાં આવેલી ત્રણ કંપનીઓ, ગુજરાતના સુરતમાં ત્રણ સ્થળો, ચાણક્યપુરીમાં મોદીના શો રુમ અને દિલ્હીમાં ડિફેન્સ કોલોની પર દરોડાની કાર્યવાહી એક સાથે હાથ ધરવામાં આવી હતી.

અધ્યક્ષ પદ માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આગેવાનો અને સમર્થકોને મોં મીઠુ કરાવ્યું હતું. હાલ ગુજરાત વિધાનસભાના પ્રોટેમ સ્પીકરની જવાબદારી ડો.નીમાબહેન આચાર્ય સંભાળી રહ્યા છે. જો કે, વિધાનસભાના નવા અધ્યક્ષ તરીકે વડોદરાના રાવપુરા બેઠકના ભાજપના ધારાસભ્ય રાજેન્દ્રભાઈ ત્રિવેદીનું નામ પહેલેથી જ નક્કી મનાઈ રહ્યું હતું કારણ કે, તેમની નારાજગી દૂરવાની વાત હતી. જેથી આજે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ વિધાનસભા અધ્યક્ષપદે ભાજપ દ્વારા પસંદગી કરાઈ હોઈ તેમના નામની સત્તાવાર જાહેરાત કરી હતી.

માફીના બેનરો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુનાઓ છોડીને સારી અને સામાન્ય લાઈફ ગાળવા માટે ઈચ્છુક છે. અન્ય અપરાધીઓની જેમ તેમને પણ ઠાર કરી દેવામાં આવે તેમ તેઓ ઈચ્છતા નથી. બન્નેની સામે લુંટ અને હત્યાના નવ કેસ નોંધાયેલા છે. છેલ્લા છ મહિનાના ગાળામાં જ એસપી અજય પાલ શર્મા પર એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટની છાપ લાગી ગઈ છે. તેઓ શામલીમાં હજુ સુધી છથી વધારે અપરાધીઓને ઠાર કરી ચુક્યા છે.

ગ્રામવન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે. ગત વર્ષે નાબાર્ડે જિલ્લામાં એગ્રો ફોરેસ્ટ્રી પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવા માટેનો આગ્રહ કર્યો હતો જે અત્યંત નોંધનીય બાબત છે. જિલ્લામાં હાલ વન પર ઓલ્ડ પ્લાન્ટેશનના ૧૬,૦૫૨ વૃક્ષો હયાત હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યું છે.

જિલ્લાને હરિયાળો જિલ્લો બનાવવા માટે ગઈકાલે ડીસ્ટ્રીક્ટ એગ્રો ફોરેસ્ટ્રી મિશનની મળેલ બેઠકમાં આ એક્શન પ્લાનને મંજૂરી મળી છે જે હવે કેન્દ્ર સરકારને મોકલી આપવામાં આવશે.

બિમાર મળી આવ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિષ્ણાત દ્વારા તેમજ ૧૮ બાળકોને ઈ.એન.ટી. સર્જન દ્વારા અને ૪૫ બાળકોને અન્ય રોગોના નિષ્ણાંતો દ્વારા ચકાસવામાં આવ્યા છે.

૧૮૨ બાળકોને આંખે નંબર આવી ગયેલા જણાયા છે જે પૈકી ૧૨૮ બાળકોને તંત્ર દ્વારા ચશ્માનું પણ વિતરણ કરી દેવામાં આવ્યુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

તંત્ર દ્વારા એ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે કે નિરંતર આરોગ્ય ચકાસણી કાર્યક્રમથી શહેરના બાળકોના બાળ આરોગ્યમાં સુધારો જણાયો છે. શહેરના ૨૭ બાળકોને સુપર સ્પેશ્યાલીસ્ટની સારવારની જરૂર જણાતાં તેમને સારવાર માટે મોકલવામાં આવ્યા છે. જેમાં ૨૧ બાળકોને હૃદયરોગની તકલીફ જણાઈ છે. જ્યારે ૬ બાળકોને કિડનીની તકલીફ જણાયેલ છે.

ગાંધીનગર શહેરનું બાળપણ માંદગીના બિછાને પટકાયેલુ જણાતાં વાલીવર્ગ પણ ચિંતાતુર બન્યો છે. આંખ, હૃદય, કિડની, દાંતની બિમારીથી ચિંતાનું કારણ વાલીઓમાં જોવા મળી રહ્યું છે.

શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન ગંભીર બિમારીથી પિડાતા મળી આવતા બાળકોની સારવારનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે જે નોંધનીય છે. ૨૧મી ડિસેમ્બરથી શરૂ થયેલો શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ ફેબ્રુઆરીના અંત સુધી ચાલવાનો છે.

આજે મતદાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતદાન ચાલશે. આ ચૂંટણી મોટ ઉપ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સોમવારે આ ચૂંટણીની મતગણતરીનું કામ હાથ ધરવામાં આવશે અને બપોરના બે વાગ્યા સુધીમાં તમામ પરિણામો જાહેર થઈ જશે. બન્ને પક્ષો દ્વારા આ ચૂંટણીમાં આક્રમક પ્રચાર અભિયાન અને ડોર ટુ ડોર અભિયાન ચલાવાવમાં આવ્યુ હોવાથી સમગ્ર પંથકમાં ભારે રાજકીય ઉત્તેજનાઓ વ્યાપી જવા પામી છે. અહિ હાલ ભાજપ સત્તાધારી પક્ષ છે. આ ચૂંટણી માટે મતદારોએ પોતાનુ મન અકળ રાખ્યુ છે પરંતુ બન્ને પક્ષો દ્વારા જીતના દાવા કરવામાં આવ્યા છે. ચૂંટણી રસાકસીભરી બની રહેશે તેમ રાજકીય વર્તુળોનું કહેવું છે.